# મોડાસા હજીરા વિસ્તારમાં પોલીસકર્મી નશાની હાલતમાં હોવાની આશંકાનો વીડિયો વાઈરલ

## બાઈક પર બેઠેલા પોલીસકર્મીને લોકોએ સાચવવા પ્રયત્ન કર્યો




મોડાસા, તા. ૧૩

અરવલ્લી જીલ્લામાં ખાખી વર્દીમાં સજ્જ પોલીસતંત્રની કામગીરી પર લોકોને ભરોષો ઉઠી જાય તેવા દ્રશ્યો જોવા મળતા શર્મનાક ઘટનાઓ એક પછી એક સામે આવી રહી છે. જીલ્લા પોલીસવડા દારૂબંધીના કાયદાના અમલ માટે સખ્તાઈપૂર્વક કામગીરી કરી રહ્યા છે. બીજી બાજુ જીલ્લા પોલીસવડાની નિષ્ઠાપૂર્વકની કામગીરીને કેટલાક પોલીસ જવાનોની હરકતના પગલે શંકાની સોય તણાતા અરવલ્લી જીલ્લા પોલીસતંત્રની ૫ દિવસમાં દારૂબંધીની સખ્તાઈના લીરેલીરા ઉડાડતી ઘટનાઓ બનતા પોલીસ બેડામાં ચકચાર મચી છે. પાંચ દિવસની અંદર વધુ એક પોલીસકર્મી મોડાસા હજીરા સર્કલ વિસ્તારમાં નશામય હાલતમાં હોવાનો વિડીઓ વાઈરલ થતા પોલીસની આબરૂના ધજાગરા ઉડી ગયા હતા.

મોડાસાના હજીરા વિસ્તારમાં ત્રણ રસ્તા પર આવેલા સર્કલ નજીક મંગળવારે એક પોલીસકર્મી નશામય હાલતમાં બાઈક પર સંતુલન ગુમાવતા નજરે પડતા અને બાઈક સાથે માંડ માંડ જમીન પર પગ ટેકવા અને જાણે પોલીસવર્દીની આબરૂ બચાવવા હવાતિયાં મારતો નજરે ચડતા અહીંથી પસાર થતા વાહનચાલકો અને આજુબાજુના દુકાનદારો દોડી આવી પોલીસકર્મીને મદદકરી ઘરે પહોંચાડવા મથામણ કરતો વિડીઓ કેટલાક લોકોએ ઉતારી સોશ્યલ મીડિયામાં વાઈરલ કરતા સ્માર્ટ ફોન વપરાતા દરેક લોકના મોબાઈલ ફરતો થઈ જતા નશામય હાલતમાં દેખાતા પોલીસ કર્મી અને પોલીસતંત્રના દારૂબંધીના દાવાઓની હવા નીકળી ગઈ હતી. વિડીઓમાં કેટલાક લોકો વિડીઓથી પોલીસકર્મીની નોકરી અને પરિવારજનોની હાલત કફોડી બનશે તેવું સંભળાઈ રહ્યું છે. બીજીબાજુ કેટલાક લોકો પોલીસ જ દારૂ પીવે એ કઈ રીતે ચલાવી લેવું જોઈએ તેવું કહેતા સંભળાઈ રહ્યા હતા.

ગાંધીના ગુજરાતમાં પોલીસતંત્રના કર્મચારીઓજ જાહેરમાં દારૂ પીને કે પછી નશામય હાલતમાં લથડિયાં ખાતા નજરે પડે તો દારૂબંધીનો કાયદો આમ જનતા માટે હોય તેવા દ્રશ્યો જોવા મળતા લોકોમાં ખાખી વર્દીને લાંછન લગાવનાર પોલીસ કર્મીઓ સામે ફિટકાર વર્ષાવી તેમની સામે શખ્ત કાર્યવાહી કરી પ્રજામાં પોલીસ હોય કે આમ આદમી કાયદો બધા માટે સરખો હોવાનો દાખલો બેસાડવો જોઈએ તેવી માંગ પ્રબળ બની હતી.

### અરવલ્લી જીલ્લા પોલીસ વડા કે.એન. ડામોરના જણાવ્યા અનુસાર

મોડાસાના હજીરા વિસ્તાર સર્કલ પર પોલીસકર્મી નશામય હાલતમાં હોય તેવો વિડીઓ સોશ્યલ મીડિયામાં વાઈરલ થતા આ અંગે જીલ્લા પોલીસવડા કે.એન. ડામોર સાથે ટેલિફોનિક વાત કરતા જણાવ્યું હતું કે આજે એક પોલીસકર્મી નશામય હાલતમાં હોવાનો વિડીઓ વાઈરલ થતાની ખબર પડતા આ અંગે પી.એસ.આઈને જાણ કરી સમગ્ર હકીકતની તપાસ કરવાનું કહેતા વિડીઓમાં દેખાતો પોલીસકર્મીને બ્લડપ્રેસરની તકલીફ હોવાથી સંતુલન ગુમાવ્યું હતું અને બ્લડ પ્રેસરની સારવાર અર્થે હાલ પોલીસ કર્મચારી મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં દાખલ હોવાનું જણાવ્યું હતું.



દાનવીર ભિક્ષુક : મહેસાણામાં ભિક્ષુક હોવા છતાં દાનવીર આઈકોન તરીકે ઓળખાતા ગોદડીવાળા બાપુએ વધુ એક વખત અનોખી સેવાની સુહાસ ફેલાવી છે. ગત રવિવારે બાપુએ મહેસાણા જિલ્લામાં આવેલ શક્તિપીઠ બહુચરાજી ખાતે મંદિર પરિસરમાં માતાજીના પરમભક્ત વ્યંઢળોને ૩૮ સાડીઓ ભેટ આપી હતી. જ્યારે આ પ્રસંગે ઉપસ્થિત વ્યંઢળોએ ગોદડીવાળા બાપુનું સન્માન કર્યુ હતુ.

# પ્રાંતિજમાં ટ્રાફિકની સમસ્યા જવાબદાર : તંત્ર ઘોર નિદ્રામાં

## વેપારીઓ લારીઓ વાળા વાહનચાલકો આડેધડ વાહનો ઉભા કરી દેતાં ટ્રાફિક વકર્યો : કાર તો શું સાઈકલ લઈને નિકળવું પણ મુશ્કેલ : દુકાન માલિકો રોડ સુધી લાંબા થતાં રસ્તો સાંકડો થયો




પ્રાંતિજ, તા.૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ટ્રાફિકની સમસ્યા દિવસેને દિવસે ઘટવાને બદલે વધારો થતાં પહેલાં આખા ટ્રક જતાં હતાં ને હવે તંત્રની મહેરબાનીથી રીક્ષા નિકળવી પણ મુશ્કેલ બન્યું છે તો જવાબદાર તંત્ર હાલ તો ઘોરનિંદ્રામાં હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે.

પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેન્ડથી હનુમાન મંદિર બજારચોક તથા ભાંખરીયાથી સિનેમા રોડ ઉપર ટ્રાફિકની પારાવાર ટ્રાફિકની સમસ્યાએ માંજા મુકી છે તો પ્રાંતિજ ભાખરીયા પાસે અવાર-નવાર ટ્રાફિકની સમસ્યાને લઈને ટ્રાફિક જામ થતાં વારે ઘડીએ ટ્રાફિકમાં ફસાયેલ લોકો તોબા તોબા પોકારી ઉઠેછે તો જેની જવાબદારી છે નઠોર તંત્ર હાલ તો ઉનાળાની ગરમીમાં ઘોર નિંદ્રા માણી રહ્યું છે તો ભાખરીયા બસસ્ટેન્ડથી સિનેમા રોડ તરફ જવાના માર્ગ ઉપર ખાનગી વાહન ચાલકો પોતાના વાહનો લઈને રસ્તામાં મુસાફરોની રાહ જોતા રસ્તામાં ઉભા કરી દેતાં ટ્રાફિક જામ થાય છે તો બીજી બાજુ વેપારીઓ પોતાની દુકાન આગળ બે પૈસાની લ્હાયમાં પાથરણા વાળા કે લારીઓ વાળાને આગળ જગ્યા આપે છે તો કેટલાક વેપારીઓ તો ગ્રાહકોને આકર્ષવા માટે બધો માલ રોડ ઉપર લાવી દે છે અને રાત્રિ પડે અંદર મુકે છે તો લારીઓ વાળા પણ આડેધડ ઉભા થતાં બજાર સુધી જવું મુશ્કેલ બની જાય છે તો પ્રાંતિજમાં ટ્રાફિકના નિયમોનું ઉલ્લંધન જોવા મળે છે તો બજારમાં રહેણાક વિસ્તારમાં રહેતાં લોકોને પોતાની કાર કે અન્ય માલસામાન માટે વાહન ઘર તરફ લઈ જવું હોય તો મુશ્કેલ બન્યું છે તો ટ્રાફિક એટલો બધો વકર્યો છે કે ઘણી વાર તો કાર તો શું પણ સાઈકલ લઈને જવું હોય તો પણ મુશ્કેલ બન્યું છે ત્યારે જવાબદાર તંત્ર સફાળે જાગે તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

# મહેસાણા જિલ્લામાં શસ્ત્રો રાખવા પર પ્રતિબંધ ફરમાવાયો

મહેસાણા, તા. ૧૩

મહેસાણા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેરમાં શસ્ત્રો રાખવા પર પ્રતિબંધ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ રમેશ મેરજાએ ફરમાવ્યો છે. મહેસાણા જિલ્લામાં શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ના ૨૨માની કલમ(૩૭)(૧) મુજબ સાવચેતીના ભાગરૂપે સુરક્ષાના આદેશ કરેલ છે. નાતાલ જેવા તહેવારોને પગલે જિલ્લાના તમામ વિસ્તારોમાં ૨૫ માર્ચ-૨૦૧૮ સુધી શસ્ત્રો રાખવા પર પ્રતિબંધ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ રમેશ મેરજાએ ફરમાવ્યો છે.

જિલ્લામાં શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયારો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું, જલદી સળગી ઉઠે તેવા વિસ્ફોટક પદાર્થો બનાવવાનું કે એકઠા કરવાનું તે સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલો સાથે લઈ જવાનું, પત્થર અથવા પત્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું, જુસ્સાદાર ભાષણ કરવાનું કે નનામીઓ કે પુતળાં કાઢવાનું કે ચાળા પાડવાનું કે અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદશિત કરવાનું, ધાર્મિક કે સામાજિક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું, અપમાન કરવાનું કે જાહેર ઈરાદાથી જાહેરમાં બિભિત્સ સુત્રો પોકારી કે અસ્લીલ ગીતો ગાવાનું કે ટોળામાં ફરવાનું, માણસનું મડદું, આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું સુરૂચિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનુ, અસભ્ય વાણી ઉચ્ચારવાનું, નિતિનો ભંગ થાય તેવા હાવ-ભાવ કરવા, તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું કે ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

# ધનસુરા તાલુકામાં આરોગ્ય વિભાગ દ્વારા ૩ દિવસનો પોલીયો રસીકરણ કાર્યક્રમ



ધનસુરા, તા.૧૩

ધનસુરા તાલુકામાં આરોગ્ય વિભાગ દ્વારા ૩ દિવસનો પોલીયો રસીકરણ કાર્યક્રમ પોલીયો રવિવારના દિવસથી રાજ્યમાં પોલીયો રસીકરણનો કાર્યક્રમ યોજાયો હતો. ત્યારે ધનસુરા આરોગ્ય વિભાગ દ્વારા ધનસુરા તાલુકામાં ૧૧ તારીખે રવિવારે સી. એચ. સી સેન્ટર, આંગણવાડી, બસ સ્ટોપ પર બુથ ઉભા કરાયા હતા અને ૧૨ અને૧૩ તારીખે ઘેર ઘેર જઈને બાકી રહેલ બાળકોનું મોટી સંખ્યામાં રસીકરણ કરવામાં આવ્યું હતું. જેમાં ૦ થી ૫ વર્ષના બાળકોને રસીકરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ૧૧, ૧૨, ૧૩ તારીખ ચાલ્યો હતો. બાકી રહેલ બાળકોને ૧૨ અને ૧૩ તારીખે આરોગ્ય કર્મચારીઓ દ્વારા ઘેર ઘેર જઈ પોલીયોના ટીપા પીવડાવી રસીકરણનો કાર્યક્રમ તાલુકા હેલ્થ ઓફિસર એસ. બી. ચારણજીની આગેવાનીમાં પૂર્ણ કર્યો હતો.



**શુકન મેળાનો પ્રારંભ :** મહેસાણા તાલુકાના પાલોદર ગામમાં શ્રી ચોસઠ જોગણીઓ માતાજીનો ભવ્ય શુકન તેમજ દ્વિ-દિવસીય લોકમેળાનો આજથી પારંપરીક રીતે પ્રારંભ થયો છે. સદીઓ અગાઉ મહાભારત કાળથી સંકળાયેલ આ ધાર્મિક આસ્થાનો પ્રસંગ આજે પણ ધામધૂમથી ઉજવાઈ રહ્યો છે. આ પ્રાચિન લોકમેળામાં પ્રથમ દિવસે ગામના સુથાર ભાઈઓ લાકડું લેવા જાય, માળી ફુલહાર લઈને આવે તેમજ પણિહારીઓ પાણી લઈને આવે તેના આધારે આગામી ચોમાસા તેમજ ખેડૂતલક્ષી વર્ષનું શુકનનો અંદાજ કાઢવામાં આવે છે. પાલોદર ખાતે આજ પ્રારંભ થયેલ ભવ્ય લોક મેળામાં મોટી સંખ્યામાં દુરદુરથી લોકો આસ્થા સાથે ઉમટી પડ્યા હતા.

# ધનસુરા શીકા ચોકડી નજીક ટ્રક-કન્ટેનર પલટી ખાતા આગમાં લપેટાતા સ્વાહા

મોડાસા, તા. ૧૩

મોડાસા-ધનસુરા રાજ્યધોરીમાર્ગ પર સોમવારે સવારના સુમારે હરિયાણા તરફથી મુંબઈ તરફ બુટ, ચપ્પલ, સ્વીચ બોર્ડ, એલઈડી બલ્બ સહીત પરચુરણ માલસામાન ભરી શીકા ચોકડી નજીકથી પસાર થતી ટ્રક-કન્ટેનરના ચાલકે અગમ્ય કારણોસર સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા રોડ સાઈડમાં પલટી ખાઈ સળગી ઉઠતા ભારે અફડાતફડી મચી હતી. ટ્રક-કન્ટેનરમાં રહેલો માલસામાન સહીત ટ્રક-કન્ટેનર આગથી બળીને ખાખ થઈ ગયો હતો. સદનસીબે ટ્રકચાલક અને ક્લીનરનો આબાદ બચાવો થયો હતો. ટ્રક સળગતા ભારે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા.

# પાલનપુર મુકામે પ્રિ-મોન્સુન પ્લાનની બેઠક યોજાઈ

પાલનપુર, તા. ૧૩

આગામી ચોમાસાની ઋતુ દરમ્યાન ભારે વરસાદ, પૂર કે વાવાઝોડા જેવી કુદરતી આફતો સર્જાય તો તેનો યોગ્ય રીતે સામનો કરી શકાય તથા તે દરમ્યાન નુકશાન ઘટાડવાના આગોતરા આયોજનના ભાગરૂપે પાલનપુર મુકામે કલેકટર દિલીપ રાણાના અધ્યક્ષસ્થાને પ્રિ-મોન્સુનના પ્લાનની બેઠક યોજાઈ હતી. બેઠકમાં કલેકટર દિલીપ રાણાએ પ્રિ-મોન્સુન પ્લાન અંગે અધિકારીઓને જરૂરી સુચના અને માર્ગદર્શન આપતાં જણાવ્યું કે જિલ્લામાં કોઈપણ કુદરતી આપત્તિ આવે તો તે સમયે આપણું કોમ્યુનિકેશન પાવરફૂલ હોવું જોઈએ. તેમણે કહ્યું કે પાવરફૂલ કોમ્યુનિકેશનના માધ્યમથી આવા સમયે લોકોના જાન-માલ વગેરેને થતું નુકશાન અટકાવી શકાય છે.

કલેકટરએ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ન ભરાય તે માટે આગોતરૂ આયોજન કરવા અધિકારીઓને જણાવ્યું હતું. તેમણે ધાનેરા અને થરાદ તાલુકાના નીચાણવાળા વિસ્તારો અને નદીના કિનારે આવેલા ગામોમાં આગોતરા આયોજનના ભાગરૂપે શું શું કામો ઝડપથી કરી શકાય તેની અધિકારીઓ સાથે ચર્ચા કરી નદીના વહેણ ઉંડા કરવા તથા વહેણમાં આવતા બાવળના વૃક્ષોને દૂર કરી સફાઈ કરવા જણાવ્યું હતું. તેમણે કહ્યું કે ધાનેરામાં ગયા વર્ષે પૂરમાં જયાં છ ફૂટ જેટલું પાણી ભરાયું હતું ત્યાં પાણી ન ભરાય તે માટે સફળ આયોજન અને કામગીરી કરીએ.

કલેકટર દિલીપ રાણાએ કહ્યું કે વર્ષ-૨૦૧૫ અને ૨૦૧૭માં બનાસકાંઠા જિલ્લામાં પૂર આવ્યું ત્યારે વહીવટીતંત્રની સક્રિયતાને લીધે જાન-માલને નુકશાન થતું અટકાવી શકાયું હતું. તેમણે કહ્યું કે આપણા જિલ્લાની ભૌગોલિક સ્થિતિ એવી છે કે રાજસ્થાનમાં વધારે વરસાદ પડે તો પણ પૂર આવતુ હોય છે. ત્યારે આપણે એડવાન્સ પ્લાનીંગ કરવું ખુબ જરૂરી છે. તેમણે કહ્યું કે પૂરના સમયે તાલુકા અને ગ્રામ્યકક્ષાએ લોકોને આગોતરી જાણકારી મળી રહે અને તેઓ સલામત સ્થળે જઈ રહી શકે તેની વ્યવસ્થા મે-જુન મહિનામાં કરી રાખવી જોઈએ.



મોડાસાના પૌરાણિક ભાવસાર સમાજ સંચાલિત ઓધારી માતાજી મંદિરે ફાગણમાસની મારવાડી સાતમ પછી આવતા દસામા ઉપવાસના પૂવે શ્રદ્ધાભેર પૂજા અર્ચના અને સત્સંગની સાથે ભવ્ય ઉજવણી મારવાડી મહીલાઓ માતાજીની શ્રદ્ધાભેર પૂજા કરી મનાવતી હોય છે. આ દિવસે મંદિરમા ભક્તિમય વાતાવરણ બનતુ હોય છે.

# ૧૭ વર્ષ બાદ ધાનેરા તાલુકા પંચાયતમાં ભગવો લહેરાયો



ધાનેરા, તા.૧૩

ધાનેરા તાલુકા પંચાયતમાં આજે પ્રમુખ અને ઉપ પ્રમુખની ચૂંટણી યોજાઈ હતી જેમાં ૧૭ વર્ષ બાદ ધાનેરા તાલુકા પંચાયતમાં ભાજપનો ભગવો લહેરાતા ભાજપે ખુશી માનવી હતી.

ધાનેરા તાલુકા પંચાયતના સભા ખંડમાં આજે ધાનેરા નાયબ કલેક્ટર તેમજ તાલુકા વિકાશ અધિકારી ની અધ્યક્ષતા માં તાલુકા પંચાયત પ્રમુખ ઉપ પ્રમુખની ચૂંટણી યોજાઈ જતી ધાનેરા તાલુકા પંચાયતમાં ૨૬માંથી ૧૭ સભ્યો ભાજપ તરફ મતદાન કરતા જેમાં પ્રમુખ પદે દક્ષાબેન દિનેશભાઈ ચૌધરી અને ઉપ પ્રમુખપદે મકવાણા હાથીભાઈ મોનાભાઈનો ભવ્ય વિજય થયો હતો. ધાનેરા તાલુકા પંચાયતમાં છેલ્લા સત્તર વર્ષથી કોંગ્રેસનું શાસન ચાલતું હતું અને આજે સત્તર વર્ષ બાદ ધાનેરા તાલુકા પંચાયતમાં ભાજપનો ભગવો લહેરાતા ભાજપના સદસ્યો સહીત અગ્રણીઓએ જીતનો જશ્ન મનાવ્યો હતો.

# વડાગામના જલારામ મંદિરમાં દિવ્યાંગ સ્વરોજગાર માર્ગદર્શન કેમ્પ યોજાયો

ધનસુરા, તા. ૧૩

અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાના વડાગામ ખાતે આવેલ જલારામ મંદિરમાં સાબરકાંઠા-અરવલ્લી ફિઝીકલી હેન્ડીકેપ મંડળ બુટાલના વિનોદ પટેલ દ્વારા સરકારની અશક્ત રાષ્ટ્રીય કારકિર્દી સેવામંડળ યોજના અંતર્ગત અમદવાદ અને બરોડા બી.આર.સી.ના સહયોગથી જીલ્લાના દિવ્યાંગ સ્વરોજગાર અને સ્વાલંબીત બને તે માટે સેમિનાર યોજાયો હતો. જેમાં ૪૮૦ ૧૮થી ૫૦ વર્ષની વયજૂથના દિવ્યાંગ લોકોએ ભાગ લીધો હતો. આ સેમિનારમાં પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, પુષ્પા પટેલ, સક્સેસ ફાઉન્ડેશનના મુકેશ પરમાર, સમાજ સુરક્ષા અધિકારી જે.પી. પટેલ અને સર્વ શિક્ષા અભિયાનના અમિતભાઈ કવિ ઉપસ્થિત રહ્યા હતા અને જીલ્લાના દિવ્યાંગોને પગભર બનાવવા આહવાન કર્યું હતું.